

અવધ ટાઈમ્સ

# ઈલેક્શન - ૨૦૨૪

www.avadhtimes.net અમરેલી ૨ તા.૧૦-૦૪-૨૦૨૪ બુધવાર




## અમરેલી જિલ્લાના સર્વજ્ઞાતિના રાજકોટમાં વસતા પરિવારજનોનું

# રાજકોટમાં સ્નેહમિલન અને સન્માન સમારોહ યોજાશે

### રાજકોટ લોકસભાની બેઠકના ભાજપના ઉમેદવાર શ્રી પરશોતમભાઇ રૂપાલાનું ભવ્યાતિ ભવ્ય સન્માન કરવા ઉત્સાહભેર તૈયારીઓ શરૂ કરાઇ

### સ્નેહ મિલન સમારોહમાં અમરેલીવાસીઓ મોટી સંખ્યામાં ઉમટી પડશે : સમસ્ત અમરેલી જિલ્લા પરિવારનું આયોજન : શ્રી રૂપાલાનું સન્માન કરી બિરદાવાશે

અમરેલી,

અમરેલીજિલ્લાનાસર્વજ્ઞાતિના રાજકોટમાં વસતા પરિવારજનોનું સ્નેહમિલનઅનેસન્માનસમારોહ તા.૧૨ને શુક્રવારે રાજકોટ ખાતે યોજાનાર છે. રાજકોટમાં વસતા અમરેલી જિલ્લાના સર્વજ્ઞાતિનાપરિવારજનોનુંસ્નેહમિલનઅને રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવારશ્રીપરશોતમભાઈરૂપાલાનુંસન્માન અનેસ્નેહમિલનસમારોહ તા.૧૨-૪-૨૪ને શુક્રવારે સાંજે ૬ કલાકે શ્રીદિવાળીબાગપાર્ટી લોન્ચ, ન્યુ ૧૫૦ફુટરિંગરોડ, પાટીદારચોક આગળ શુભમંગલ પાર્ટી પ્લોટ સામે સદભાવના નર્સરીની બાજુમાં ટિલાળા પેટ્રોલપંપપહેલારાજકોટખાતેયોજાનારછે. સમસ્ત અમરેલી જિલ્લા પરિવાર રાજકોટ દ્વારા યોજીત સ્નેહમિલન અને સન્માન સમારોહમાં વિશાળ સંખ્યામાં અમરેલી જિલ્લાવાસીઓ ઉમટી પડશે. આ કાર્યક્રમ માટે આયોજકો દ્વારા તડામાર તૈયારીઓ થઈ રહી છે.

## મુંબઇમાં સમસ્ત પરજીયા પટ્ટણી જ્ઞાતીજનોની ઉપસ્થિતિમાં

# મુંબઇમાં દ્વારકાથી આવેલ ધજાજીની પધરામણી દ્વારકા મંદિરનાં શીખર પર ધજાજીનું આરોહણ કરાશે

### શ્રી ગીરીરાજજી અને ચોર્યાસી બેઠકજીની ઝાંખીનાં દર્શન સહિત અનેક ધાર્મિક કાર્યક્રમો

અમરેલી,

પરજીયા પટ્ટણી સોની જ્ઞાતીજનોની ઉપસ્થિતિમાં તા ૧૦-૪-૨૦૨૪ સવારે ૯-૦૦ કલાકે દ્વારકાથી ધજાજી ની પધરામણી અને પુજન.તથા શ્રીગિરિરાજજીઅનેચોર્યાસીબેઠકજીના ઝાંખીના દર્શન અને તા. ૨૨/૪/૨૦૨૪ ના ધજાજી દ્વારકા પ્રયાણ થશે અને તા. ૨૪/૪/૨૦૨૪ ના દ્વારકા મંદિર ના શીખર પર ધજાજી નું આરોહણ કરાશે.

ધ્વજા રોહણ બાદ તા. સૌ ૨૫/૪/૨૦૨૪ ના મુંબઈ માટે રવાના થશે. હિતેશ ભાઈ ધાણક ( રામાપીર ) ૯૮૩૩૬૪૦૯૫૫, ચેતન ભાઈ ( ખોખરી ) ૯૯૨૦૨૨૧૨૧૬નો સંપર્ક કરવો. સોનીવાડી બોરવલી ખાતે સોની જ્ઞાતીજનોએ ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## માત્ર ૨૩ વર્ષની વયે જુનાગઢમાં એમબીબીએસ કરી

# અમરેલીના ડૉ. દિશાંકે સમસ્ત નિરંજની પરિવારનું ગૌરવ વધાર્યુ

### અભ્યાસમાં તેજસ્વી દિશાંકે એમબીબીએસમાં ટોપ કરી રામાનંદી સાધુ સમાજમાં પણ ડંકો વગાડયો



અમરેલી,

અમરેલીમાં શ્રીમતી કાજલબેન અને પંકજભાઈ વામનભાઈ નિરંજનીના પુત્ર દિશાંકે એમબીબીએસ બની નિરંજની પરિવારનું ગૌરવ વધાર્યુ છે.માત્ર ૨૩ વર્ષની વયે જુનાગઢમાં એમબીબીએસ કરી અમરેલીના ડૉ. દિશાંકેસમસ્તનિરંજનીપરિવારનુંગૌરવ વધાર્યુ છે. રાજકોટના નામાંકીત તબીબ ડૉ. દિપકભાઈ નિરંજની ના ભત્રીજા એવા દિશાંક અભ્યાસમાં તેજસ્વી છે તેમણે એમબીબીએસમાં ટોપ કરી રામાનંદી સાધુ સમાજમાં પણ ડંકો વગાડયો છે.

# નવા ઉજળાની સીમમાં સાઠીનાં રોલમાં આગથી નુકશાન

### અમરેલી ફાયર બ્રિગેડની ટીમે પાણીનો મારો ચલાવી આગ બુઝાવી



અમરેલી,

અમરેલી જિલ્લાના નવા ઉજળા ગામ ખાતે કનુભાઈ કાવઠીયા ની વાડીમાં હાઠીના રોલમાં આગ લાગવાની ઘટના બનેલી તેના અનુસંધાને ફાયર ઓફિસર એચ.સી.ગઢવી તથા અમરેલી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ ની ટીમ તુંરત ઘટના સ્થળ પર પહોંચી. અંદાજિત ૬૦,૦૦૦ લીટર પાણીનો મારો ચલાવી આગ પર સંપૂર્ણ કાબુ મેળવેલ.તથા આગને વધુ વિકરાળ તથા બીજા ખેતરોમાં જતા અટકાવવામાં આવેલ. આ સંપૂર્ણ ઘટનામા કોઈ જાનહાની થયેલ નથી.તથા કામગીરી કરનાર ફાયર સ્ટાફ હિંમતભાઈ બાંભણિયા, જાની આનંદભાઈ, જગદીશ ભુરીયા, ઈન્દ્રજીતસિંહ ખુમાણ -ટ્રેઈની, ધર્મેશ જુવાદરીયા-ટ્રેઈની, પારસભાઈ પરમાર, કરનદાન ગઢવી, હર્ષપાલભાઈ ગઢવી, અરૂણભાઈ વાઘેલા, જયદીપભાઈ ડાભી, ધવલભાઈ ચાવડા -ટ્રેઈની વગેરેઓએ મુખ્ય ભૂમિકા ભજવી હતી.

### ૧૨ થી ૧૫ એપ્રિલ દરમિયાન ગુજરાતભરમાં ગાજવીજ અને કરા સાથે વરસાદ : અંબાલાલ પટેલ

### -:: જાહેર નોટીસ ::-

આથી હું નીચે સહી કરનાર કલ્પેશકુમાર વી. અકબરી, એડવોકેટ, તે મારા અસીલની સુચના અને તેમના વતી આથી જાહેર જનતાને જાણ કરી ખબર આપવામાં આવે છે કે અમરેલી જિલ્લાના વડિયા-કુંકાવાવ તાલુકાના તાલાળી ગામના ખેડ ખાતા નંબર-૪૧૧, રે. સ. નં, -૫૪/પૈકી ૧, હે. ૧-૫૧-૮૧, આ.ચો.મી. વાળી ખેતીની જમીન શ્રી રાજેશભાઈ નાથાભાઈ દુધાત, તેમજ ખેડ ખાતા નંબર - ૪૧૨, રે.સ.નં.૫૪/પૈકી ૨, હે.૧-૫૧-૮૨ આ ચો.મી. વાળી ખેતીની જમીન શ્રી બીપીનભાઈ નાથાભાઈ દુધાત બંને મુળ રહે. તાલાળી, તા.વડિયા-કુંકાવાવ, જી.અમરેલીની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે.

ઉપરોક્ત ખેતીની પિયતવાળી જમીન મારા અસીલ શ્રી રામજીભાઈ નાથાભાઈ રીબડીયા, રહે. સાણથલી, તા.જસદણ, જી.રાજકોટ, એ સદરહું ખેતીની જમીનના માલીક પાસેથી ખરીદ કરવાનું નકકી કરેલ હોય, જેથી સદરહુ ખેતીની જમીનના માલીકી, કબજા, ટાઈટલ કે વેચાણ પરત્વે કોઈને કોઈપણ પ્રકારનું લેણું, કરજ, બોજો, હકક, હિત, હિસ્સો, સબંધ લાગભાગ, બક્ષીસ, ભાગીદારી, દર દાવો, ગીરો, લીયન, ચાર્જ કે અન્ય કોઈ પણ પ્રકારનો લીઝ, લાયસન્સ, કબજા ભોગવટો, ભરણ પોષણ, ખોરાકી પોષાકી, નીભાવ, રહેણાંક કે ડેવલપમેન્ટ, વારસાઈ, ભાડુઆત હકક કે કબજેદાર કે હિસ્સેદાર કે લેણદાર કે અન્ય કોઇ પણ પ્રકારના હકકો કે અન્ય કોઇ પણ રીતે વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ - ૧૦ (દસ) માં અમોને નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે રજુઆત કરવી, જો સમય મર્યાદામાં કોઇનો કોઇપણ પ્રકારનો વાંધો કે તકરાર આવશે નહી તો સદરહુ જમીનમાં કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત કે હીસ્સો, દર દાવો નથી અને હોય તો પણ સ્વેચ્છાએ જતા (WAIVE) કરેલ છે અને સદરહું જમીન ટાઈટલ કલીયર છે તેમ સમજી મારા અસીલ ખરીદનાર તરીકે વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ કરાવવા અંગેની કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરશે. મુદત વિત્યા બાદના કોઇના કોઇપણ પ્રકારના વાંધો તકરાર આવશે તો તે મારા અસીલને શુધ્ધ બુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી, જેની આથી દરેક લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

તા. ૦૯/૦૪/૨૦૨૪

સરનામું :- C/o. દેવ કોમ્પ્યુટર - વડિયા,
મુ. - વડિયા, ઠે, સુરગપરા, જુના બસ સ્ટેન્ડ રોડ,
તા.વડિયા - કુંકાવાવ, જી.અમરેલી.મો.નં.૯૪૨૬૭ ૮૨૯૮૩

### નામ બદલાવેલ છે

આ સાથે હું નીચે સહી કરનાર ભાવિતાબેન જયદેવસિંહ વાળા જાહેર કરૂ છું કે મારૂ નામ ભાવિતા જોરૂભાઈ દરબાર માંથી બદલાવીને હવેથી ભાવિતાબેન જયદેવસિંહ વાળા કરેલ છે. હવેથી હું ભાવિતાબેન જયદેવસિંહ વાળા તરીકે ઓળખાઈશ.

સહી : ભાવિતાબેન જયદેવસિંહ વાળા
એડ્રેસઃ૬૩-પોસ્ટલ સોસાયટી
ચિતલ રોડ અમરેલી-૩૬૫૬૦૧

# બગસરા જેસિઝ ગ્રુપ દ્વારા વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ યોજાશે

બગસરા, (રૂપેશ રૂપારેલિયા) જેસિઝગ્રુપ બગસરા સંચાલિત શા. માણેકચંદ મુલચંદ સા. ટ્રસ્ટ આંખની હોસ્પિટલ ખાતે તા. ૧૨-૪-૨૦૨૪ને શુક્રવારના રોજ સ્વ. યોગેશભાઈ એમ. વૈષ્ણવના સ્મરણાર્થે નિરુપમાબેન વૈષ્ણવ પરિવારના સૌજન્યથી ૫૯૩ મો વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ શ્રીરણછોડદાસજી બાપુ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટના સહકારથી રાખવામા આવેલ છે. આ કેમ્પમા મોતિયાના ઓપરેશનની જરૂરીયાતવાળા દર્દીઓને વિનામુલ્યે પરેશન કરી નેત્રમણી બેસાડી દેવામા આવશે. પરેશન માટે જનાર તમામ દર્દીઓની જમવાની વ્યવસ્થા કાયમી દાતા બગસરાના વતની સુરેશભાઈ રાયઠઠ્ઠા પરિવાર મુંબઈના સહયોગથી કરવામા આવશે. કેમ્પમા ભાગ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના આધારકાર્ડની નકલ સાથે રાખી કેમ્પના દિવસે તા.૧૨-૪-૨૪ને શુક્રવારના રોજ સવારે ૯ કલાકે હાજર રહેવા પ્રમુખ પ્રકાશભાઈ રાણીગાની યાદીમા જણાવેલ છે.

# રાજુલામાં કાળજાળ ગરમીમાં પોતાની કલા રજુ કરી રોજીરોટી કમાવવા બાળકનાં પ્રયાસોને બિરદાવ્યાં

### દુકાનમાં બોલાવી બાળકને પ્રોત્સાહિત કરતા વેપારી



રાજુલા,

રાજુલા વિસ્તારમાં આજે કાળજાળ ગરમી અને તડકામાં ગરીબ માણસો કોઈ પણ રીતે રોટી મળી રહે તે માટે શ્રમ કરી રોજી મેળવતા હોય છે ત્યારે આવી ૧૫ વર્ષના એક બાળક જેવા છોકરા તડકાના વેશ ભૂંજા શંકર ભગવાનની રૂપ ધારણ કરી તેમની કલા જોઈ અને ગમે તેને થોભી જવું જોઈએ તેવું દ્રશ્ય તડકામાં જોઈ અને ઓરીજનલ શંકર ભગવાન ઉભા હોય તેવું દ્રશ્ય જ હોય રાજુલા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખે ગૌરાંગભાઈ મહેતાએ બજારમાં ચાલ્યા જતા હતો તેને બોલાવી તડકામાંથ પોતાની દુકાનમાં બોલાવી ફૂલની તો ફૂલની પાંખડી રૂપે પૈસા આપી કદર કરી હતી.

# સાવરકુંડલામાં ડો. આંબેડકર જયંતિ ઉજવાશે



સાવરકુંડલા, (સૌરભ દોશી) સાવરકુંડલામાં ભીમરાવ સંકલ્પ ગ્રુપ દ્વારા ડોક્ટર બાબા સાહેબ આંબેડકર ની ૧૩૩ મી જન્મ જયંતી ની ઉજવણીના ભાગરૂપે 'ભીમ રમોત્સવ' ૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ આઉટડોર અને ઈનડોર રમતોમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. અને શિક્ષણ સાથે પોતાની અંદર રહેલી કલાનું પણ એટલું જ મહત્વ છે તે પણ શીખ્યું હતું ને જાણ્યું હતું. અને વિદ્યાર્થીઓએ વિવિધ રમતોમાં પોતાના કૌશલ્ય પ્રમાણે પોતાની મનપસંદ રમતમાં ભાગ લીધો હતો.

# વડિયામાં પૂર્વ બે સરપંચોએ બસસ્ટેન્ડ સામે જ બઘડાટી બોલાવી

### પુર્વ સરપંચોએ ગાળા ગાળી સાથે બઘડાટી બોલાવતા લોકો સ્તબ્ધ

વડિયા, (ભીખુભાઈ વોરા)

અમરેલી ના વડિયા માં પણ લોક મુખે ચર્ચાતી વિગતો મુજબ ભાજપ ના ત્રણ જુદા જુદા જૂથ કાર્યરત છે તેમાંથી બે પૂર્વ સરપંચો ના જૂથ માં કોઈ ધાર્મિક બાબત ને લઈને વિવાદ થતા જાહેર માં બઘડાટી બોલતી જોવા મળી હતી. બંને પૂર્વ સરપંચો એ બસ્ટેન્ડ સામે ના એક વ્યવસાયિક સ્થળ કે જેને લોકો ' કમલમ ' તરીકે ઓળખાવે છે તે જગ્યા માં બંને નેતાઓ એ ગાળા ગાળી કરતા એક રાજકીય ડ્રામા જેવો માહોલ સર્જાયો હતો.

# બગસરાના ગામોમાં નર્મદાના નવા નીર આવ્યા



બગસરા તાલુકાના ગામડાઓમાં નર્મદા ના નવા નીર આવ્યા વિગત અનુસાર મોટી કુકાવ થી નાજાપુર ત્યાંથી માવજીંજવા સંપમાંથી મોટા મુંજીયાસર ચેકડેમ તથા સાપર થી લૂંઘીયા નર્મદાના નવાનીર આવતા ખેડૂતો ખુશખુશાલ જોવા મળ્યા હતા પાણીનો ધોધ. તસવીરમાં નજરે પડે છે.

### અવસાન નોંધ

અમરેલી

વિવેક મહેશભાઈ જોષી (ઉ.વ.-૩૦) તે મહેશભાઈ ઉત્તમલાલ જોષી (નિવૃત્ત જી કન્ડકટર)ના પુત્ર , બટુકભાઈ મગનલાલ જોષીના પૌત્ર, જીતેન્દ્રભાઈ અને ભાવેશભાઈના ભત્રીજા તથા હિમાલય ભાવેશભાઈ જોષીના ભાઈનું તા. ૮ના અવસાન થયું છે લૌકિક વ્યવહાર તા.૧૧ને ગુરુવારના રોજ તેમના નિવાસસ્થાને 'શાંતિકુંજ', બ્લોક નં ૨૫ ,બ્રાહ્મણ સોસાયટી, લાઠીરોડ, , રાખેલ છે. તથા પિયરપક્ષનું બેસણું સાથે રાખેલ છે. સ્થાનિક બેસણું .તા.૧૧ને ગુરુવારના રોજ સાંજે ૪ થી ૬ બ્રહ્મેશ્વર મહાદેવ મંદિર , બ્રાહ્મણ સોસાયટી ખાતે રાખેલ છે . ઉત્તરક્રિયા તા.૧૯ને શુક્રવારના રોજ તેમના નિવાસસ્થાને રાખેલ છે.

## શ્રી પરશોત્તમ રૂપાલાને જંગી બહુમતીથી વિજેતા બનાવવા

# રાજકોટમાં ધારાસભ્યશ્રી ડો. દર્શિતા શાહ અને શ્રી રમેશભાઇ ટીલાળા દ્વારા સંપર્ક અને સભા

### ડો. દર્શિતાબેન શાહ દ્વારા ફરી એકવાર મોદી સરકારના નારા સાથે ઘર ઘર સંપર્ક : શ્રી ટીલાળા દ્વારા મોદી પરિવાર સભા



રાજકોટ, રાજકોટ લોકસભાના ભાજપના ઉમેદવાર શ્રી પરશોતમ રૂપાલાને જંગી બહુમતીથી વિજયી બનાવવા રાજકોટના ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ દ્વારા વોર્ડ નં.૯ માં ઘર ઘર સંપર્ક કરવામાં આવ્યો હતો અને વોર્ડ નં.૭ માં ધારાસભ્ય શ્રી રમેશભાઈ ટીલાળા દ્વારા મોદી પરિવાર સભા (શક્તિ કેન્દ્ર સભા) યોજવામાં આવી હતી.

## સંસ્થાના પ્રમુખ મુકેશ સંઘાણી એ આવકાર્યા : હિમાંશુભાઇ ધાનાણીની વિશેષ ઉપસ્થિતિ

# પ્રખર ભાગવતાચાર્ય પૂજ્ય શ્રી રમેશભાઇ ઓઝા (ભાઈશ્રી) તપોવન આશ્રમની શુભેચ્છા મુલાકાતે

### તપોવન આશ્રમમાં પૂજ્ય ભાઇશ્રી તપસ્વીઓને મળ્યાં અને આશ્રમની કાર્ય પદ્ધતિથી વાકેફ થયા



અમરેલી,

ભાગવતાચાર્ય કથાકાર, સાંદીપની વિદ્યાપીઠના સ્થાપક, વિદ્વાન આચાર્યશ્રી, પૂજ્યશ્રી રમેશભાઈ ઓઝાએ તપોવન આશ્રમમાં પધરામણી કરી હતી, અને આશ્રમના તપસ્વીઓને મળ્યા હતા. તપોવન આશ્રમના સ્વપ્રદ્રષ્ટા શ્રી મુકેશભાઈ સંઘાણી એ આશ્રમની કાર્યપધ્ધતીથી માહિતગાર કરી પૂજ્ય ભાઈશ્રીને આવકાર્યા હતા. પુજય ભાઈશ્રી એ તપસ્વીઓ માટેના આ સેવા કાર્યને સારહી અને સંસ્થાના પ્રમુખ શ્રી મુકેશભાઈ સંઘાણીને ધન્યવાદ પાઠવ્યા હતા. આ તપસ્વીઓને ખુશ સેવાને ઉતમ ગણાવી તમામને આર્શીવચન પાઠવેલ હતા.

આ તકે ઈફકોના ચેરમેનશ્રી દિલીપભાઈ સંઘાણી, શ્રી કાળુભાઈ સંઘાણી, શ્રી અશ્વિનભાઈ સાવલિયા, શ્રી જયંતિભાઈ પાનસુરીયા, શ્રી વજુભાઈ ગોલ, શ્રી જયંતભાઈ ફિણાવા, શ્રી હિમાંશુભાઈ ધાનાણી, શ્રી સુરેશભાઈ શેખવા, શ્રી તુષારભાઈ જોશી, શ્રી હરિભાઈ બાંભરોલિયા, શી ભગીરથ ભાઈ ત્રિવેદી, શ્રી બિપિનભાઈ લિંબાણી તથા સારહી યુથ કલબના સભ્યો, અગ્રણીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા, અને પૂજ્ય ભાઈશ્રીના આર્શીવાદ મેળવ્યા સારહિ યૂથ કલબની યાદીમાં જણાવે છે.


**૧૦મી×૧૫મી નો પ્લોટ વેચવાનો છે**

પાકા રોડ, રસ્તા, પાણી, સ્ટ્રીટ લાઈટ, મોલ-દવાખાના વગેરેની તદ્દન નજીક...
લાઠી રોડ, સનફલાવર સ્કૂલ પાસે,
૧૫૦ ચો.મી.નો પ્લોટ તાત્કાલિક વેચવાનો છે.
લાભમ્ પ્રોપર્ટીઝ : 96646 36711

**રોડ ટચ બ્લોક વેચવાના છે**

અમરેલીમાં ગોપી ટોકીઝ રોડ, મોટા બસ સ્ટેન્ડ પાસે ૨ (બે) બ્લોક વેચવાના છે
(દલાલ ભાઇઓ આવકાર્ય છે)
-:: સંપર્ક ::-
મો.૯૫૫૮૬ ૮૮૩૦૯, ૯૪૨૬૪ ૧૨૫૦૫

93283 20662 સરકાર માન્ય ISI
ગજાનંદ વજન કાંટા
સબસીડી વાળા અહિં મળશે.
ONLY... RS. 5500/-
આ ઓફર તા.૨૦-૪-૨૪ સુધી જ
જુના માર્કેટીંગયાર્ડ અંદર, કોંગ્રેસ કાર્યાલય સામે, પહેલા માળે, અમરેલી

અમરેલીનું ગૌરવ હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

J M Pest Control Service
નિયંત્રણ
ઉધઈ
આપના ઓફિસ મકાન ટેનામેન્ટમાં ઉધઈ ની ટ્રીટમેન્ટ એકવાર જરૂર કરાવો.
ઉધઈ ન થવાની પુરા ૧૦ વર્ષની લેખીત ગેરંટી
વિજયભાઈ : ૯૫૩૭૦ ૪૨૩૦૮ ૮૨૦૦૯ ૦૯૨૯૨

FASTag Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો. ૯૦૩૩૨ ૬૦૦૫૨

**લોન..લોન..લોન..**

ખેડુતોને ખેતીની જમીન પર ૧ હેક્ટર ૧૦ લાખની લોન
ગામડાના મકાન પર લોન
અમરેલી જીલ્લાના દરેક તાલુકામાં સબસીડી વાળી લોન
મોર્ગેજ, હોમલોન, તેમજ મહિલાને લોન મળશે
ઓલ ગુજરાતમાં લોન કરી આપીશું.
દરેક શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં લોન એજન્ટ નિમવાના છે.
સંપર્ક : મો.૬૩૫૩૪ ૪૧૦૯૫

## મંડળીના સ્થાપક ચેરમેનશ્રી રશ્વિનભાઈ ડોડીઆની આગવી સુઝ બુઝથી

# બગસરા નાગરિક શરાફી સહ. મંડળીનો નફો રૂા.૪.૨૧ કરોડ

### વર્ષ ૨૦૨૩-૨૪ ના એક જ વર્ષમાં નાગરિક શરાફી સહકારી મંડળીએ કરેલો માતબાર રકમનો નફો

### બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લી.દ્વારા સભાસદોને ૧૫ ટકા ડિવિડન્ડ આપવાનું જાહેર કરાયું

### મંડળી દ્વારા ધિરાણ રૂા.૧૧૭ કરોડ : થાપણ રૂા.૮૯ કરોડ અને મંડળીનું ટર્નઓવર રૂા.૫૮૮ કરોડ

### બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીમાં ૨૦૪૪૩ સભાસદો : મંડળીનું નેટ એનપીએ ૦ ટકા





અમરેલી,

શ્રીબગસરાનાગરિકશરાફી સહકારીમંડળીલી.ની ૨૦૨૩/૨૨૪નો વાર્ષિકનફોરૂા.૪,૨૧,૨૧,૧૨૧/-અંકે રૂપિયા ચાર કરોડ એકવીસ લાખ એકવીસ હજાર એકસોહ એકવીસનો થવાપામેલછે.મંડળીનાસ્થાપકચેરમેન અનેસહકારીઆગેવાનઅનેજનસંઘથી લઈઅમરેલીજીલ્લાભા.જ.પ.માં ૬ ટર્મ સુધી ઉપપ્રમુખ અને ૩૩ વર્ષ સુધી બગસરાનગરપાલિકામાંસેવાઆપનાર રશ્વિનભાઈ ડોડીઆની છેલ્લા ૪૦ વર્ષથી આગવી સુઝબુઝથી કુલ ધિરાણ રૂ.૧૧૭ કરોડ, થાપણ ર. ૮૯ કરોડ, રિઝર્વ અને અન્ય ફંડ ર.૧૯.૮૮ કરોડ, ટર્નઓવર રૂ઼ા.૫૮૮ કરોડ, સભાસદ સંખ્યા ૨૦૪૪૩, નેટ એન.પી.એ.0% સ્થાપનાથી ઓડીટ વર્ગ 'અ'' ધરાવતી મંડળીના ડીરેકટર, એડવાઈઝરી બોર્ડ મેમ્બર તથા તમામ કર્મચારી અને સભાસદોના વિશ્વાસ થકી મંડળી પ્રગતિ તરફ આગળ વધી રહી છે. તેમ મંડળીના જનરલ ડી.જી.મહેતા તથા જનરલ એમ.ડી.નિતેષ ડોડીઆની યાદીમાં જણાવેલ છે.

### સુરતના વીઆર મોલને બોમ્બ બ્લાસ્ટથી ઉડાવી દેવાનો ધમકી ભર્યો ઈમેલ મળતાં દોડધામ

(જી.એન.એસ),સુરત,સુરતના વીઆર મોલને બોમ્બ બ્લાસ્ટથી ઉડાવી દેવાનો ધમકી ભર્યો ઈમેલ મળતાં દોડધામ મચી ગઈ છે. સુરતના વીઆર મોલના નામે અજાણ્યા શખ્સોએ ધમકીભર્યો ઈ-મેઈલ કર્યો છે. ઈમેલમાં ધમકી આપવામાં આવી છે કે, વીઆર મોલમાં અમે બોમ્બ બ્લાસ્ટ કરવાના છીએ. જેટલા લોકોને બચાવવા હોય તેટલા લોકોને બચાવી લો. આ પ્રકારનો ધમકીભર્યો ઈમેલ મળતાં જ સુરત પોલીસે હાઈએલર્ટ જાહેર કરીને સમગ્ર મોલને ખાલી કરાવ્યો છે.

---

**રહેણાંક હેતુ માટેની બિનખેતી પ્લોટની ખુલ્લી જમીનનો વેચાણ દસ્તાવેજ કરતા પહેલા જાહેર જનતાની જાણ માટેની નોટીસ**

આથી અમો નીચે સહી કરનાર શ્રી એસ.એસ.જામ, એડવોકેટ - ધારીનાં આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસ આપી જાણ કરીએ છીએ કે,

| ક્રમ | મિલ્કતનું વર્ણન | મિલ્કત માલીકનું નામ |
|---|---|---|
| ૧ | મોજે ખીચા, તા.ધારી, જી.અમરેલી, રાજ્ય ગુજરાત એ ગામના ગામતળમાં આવેલ સર્વે નં.૯૮ પૈકીની રહેણાંક હેતુ સારૂ બિનખેતીમાં ફેરવીને પાડવામાં આવેલા પ્લોટ્સ પૈકી પ્લોટ નં.૫ ની ખુલ્લી જમીન કુલ ક્ષેત્રફળ ચો.મી.૩૩૪.૪૪ થાય છે | શ્રી ચિંતનભાઇ ભનુભાઇ સોજીત્રા રહે.ખીચા, તા.ધારી, જી.અમરેલી હાલ સુરત |

ઉપરોક્ત વિગતેની પ્લોટની ખુલ્લી જમીન ધારી સબ રજીસ્ટ્રાર કચેરીમાં નોંધાયેલ દસ્તાવેજ અનુ.નં.૪૩૬/૨૦૨૦ તા.૨૪-૦૬-૨૦૨૦ ના રોજ નોંધાયેલા દસ્તાવેજથી શ્રી ચિંતનભાઇ ભનુભાઇ સોજીત્રાએ ખરીદ કરેલ તેમની પોતાની સ્વપાર્જીત જમીન છે. અને જે ગામ નમુના નં.૨ માં અનુ.નં. ૩૪૧ ઉપર શ્રી ચિંતનભાઇ ભનુભાઇ સોજીત્રાનાં એકલાનાં સ્વતંત્ર નામે નોંધાયેલ છે. સદરહુ પ્લોટની ખુલ્લી જમીન અમારા અસીલે હાલનાં મિલ્કત માલીક શ્રી ચિંતનભાઇ ભનુભાઇ સોજીત્રા પાસેથી કાયદેસરના વેચાણ દસ્તાવેજથી ખરીદ કરવા સોદો ચોક્કસ કરેલ છે. સદરહુ ઉપરોક્ત વિગતેની પ્લોટની ખુલ્લી જમીન સબંધે કોઇપણ વ્યક્તિનો કોઇપણ પ્રકારે કાંઇપણ લાગ ભાગ, હક્ક, હિત, હિસ્સો સમાયેલો હોય અગર તો સદરહુ પ્લોટની જમીન સબંધે કોઇપણ વ્યક્તિ કે સંસ્થા કે નાણાકીય સંસ્થાનું અગર તો સરકારી, સહકારી બેંક - મંડળી વિગેરેનું કોઇનું કાંઇપણ કરજ, લ્હેણુ, ગીરો કે અન્ય કોઇપણ પ્રકારે કોઇપણ લ્હેણ - દેણ, માલીકી હક્ક દાવો વિગેરે જે કાંઇ હોય તેઓએ તેના તમામ લેખીત દસ્તાવેજી આધાર પુરાવા નોટરાઇઝડ કરી - કરાવરાવી આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૮ માં નીચેના સરનામે રજીસ્ટર્ડ એ.ડી. પત્રથી અમોને મોકલી આપવા આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી જાહેર જનતાને જાણ કરીએ છીએ. સમય મર્યાદામાં કોઇપણ વ્યક્તિ, સંસ્થા કે નાણાકીય સંસ્થા તરફથી કાંઇપણ કાયદેસરના વાંધા તકરાર રજુ કરવામાં કસુર થયે ઉપરોક્ત સ્થાવર મિલ્કત ઉપર કોઇપણ વ્યક્તિનું કે સરકારી, સહકારી બેંક - મંડળીનું કાંઇપણ લ્હેણ - દેણ, માલીકી હક્ક દાવો નહી હોવાનું માની મુદત વિત્યે અમારા અસીલ ઉપરોક્ત સ્થાવર મિલ્કતનો કાયદેસરનો પાકો વેચાણ દસ્તાવેજ રજીસ્ટ્રેશન કરાવવા માટેની નિયમાનુસારની જરૂરી કાર્યવાહી કરશે અને સ્થાવર મિલ્કતનો કાયદેસર વેચાણ દસ્તાવેજ સબ રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં નોંધણી કરાવશે. મુદત વિત્યે આવેલ વાંધા તકરાર કે હક્ક દાવો અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી તેની સર્વે જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ : ધારી
તારીખ : ૦૯-૦૪-૨૦૨૪

**એસ.એસ.જામ - એડવોકેટ**

પત્ર વ્યવહારનું સરનામું :- શ્રી એસ.એસ.જામ (એડવોકેટ)
ઠે.યોગીનગર, મુ.ધારી, જી.અમરેલી મો.૯૩૨૭૦ ૨૭૧૮૬

---

**-:: જાહેર નોટીસ ::-**

આથી અમો ભાવિકકુમાર વિ.ઉનાગર એડવોકેટ રહે.ધારી, તા.ધારી, જી.અમરેલી. ના આ જાહેર નોટીસ દ્વારા જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, મોજે ધારી, તા.ધારી, જી.અમરેલી તે ગામની સીમતળની ખેતીની જમીન ખાતા નં.૬૦૭, સર્વે નં.૩૫ પૈકી ૧ / પૈકી ૩, હે.આરે.ચો.મી. ૧.૨૧.૪૮ ક્ષેત્રફળવાળી જમીન શ્રી પ્રતાપભાઇ વલકુભાઇ વાળાના સ્વતંત્ર ખાતે / નામે ચાલે છે. અને તે જમીન તેઓની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની આવેલી છે અને તેઓ પાસેથી કાયદેસર રીતે અવેજ ચુકવી ખાલી કબજા સાથે અમારા અસીલ દ્વારા ખરીદવા સમજુતી કરેલ છે. અને અમારા અસીલ તેઓની પાસેથી કાયદેસર રીતે સંપુર્ણ અવેજ ચુકવી ખાલી કબજા સાથે પાકો વેચાણ દસ્તાવેજ કરાવવા ઇચ્છતા હોય જેથી આ જમીન બાબતે જો કોઇનો કોઇપણ પ્રકારનો લાગ ભાગ, હક્ક, હિત, હિસ્સો, બક્ષીસ, ગીરો કે દરદાવો કે અન્ય કોઇપણ રીતે વાંધા તકરાર હોય અગર તો કોઇપણ જાતનું લ્હેણુ સમાયેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૮ (આઠ) માં લેખીતમાં આધારો સાથે અમારી ઓફીસના દર્શાવેલા સરનામે અમોને જાણ કરશો ઉપરોક્ત દર્શાવેલ સમય મુદત સુધીમાં કોઇને વાંધો કે લેખીત જાણ અમોને કરવામાં નહી આવે તો અમારા અસીલ એક શુધ્ધબુધ્ધિના ખરીદદાર તરીકે અવેજની પુર્ણ રકમ ચુકવી અમારા અસીલ જોગ પાકો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નોંધાવી લેશે અને મુદત વિત્યે કોઇપણનો વાંધો તકરાર, હિત, હિસ્સો ઉત્પન્ન થશે તો અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી જે આ નોટીસ આપી જાહેર જનતા અને લાગતા વળગતાને જાણ કરવામાં આવે છે.

સ્થળ : ધારી
તારીખ : ૦૯-૦૪-૨૦૨૪

અસીલની સુચનાથી
ભાવિકકુમાર વિ.ઉનાગર - એડવોકેટ મો.૯૦૯૯૬ ૦૯૦૯૦

પત્ર વ્યવહારનું સરનામું : ''આલોક એસોસીએટ'' આદર્શ કોમ્પલેક્ષ, દુકાન નં.જી-૭, લોહાણા મહાજન વાડી સામે, રેલ્વે સ્ટેશન રોડ, મુ.ધારી, જી.અમરેલી

---

**-:: જાહેર નોટીસ ::-**

આથી અમો ભાવિકકુમાર વિ.ઉનાગર એડવોકેટ રહે.ધારી, તા.ધારી, જી.અમરેલી. ના આ જાહેર નોટીસ દ્વારા જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, મોજે ગઢીયા, તા.ધારી, જી.અમરેલી તે ગામના સીમતળની ખેતીની જમીન નીચે લખ્યા મુજબનાં ખાતેદારોના ખાતે / નામે ચાલે છે.

| ખાતેદારનું નામ | ખાતા નંબર | સર્વે નંબર | હે.આરે.ચો.મી. | આકાર રૂા. |
|---|---|---|---|---|
| ૧. સરલાબેન જમનાદાસ હાંસલીયા<br>૨.સૈફાલીબેન જમનાદાસ હાંસલીયા<br>૩.સચિનભાઇ જમનાદાસ હાંસલીયા | ૧૫૨ | ૮૯ પૈકી ૨ | ૧.૯૦.૨૧ | ૧.૦૦ |
| સૈફાલીબેન જમનાદાસ હાંસલીયા | ૧૫૧ | ૧૦૧<br>૮૯ પૈકી ૧<br>કુલ - ૨ | ૧.૦૪.૨૧<br>૦.૮૧.૯૫<br>૧.૮૬.૧૬ | ૦.૩૭<br>૦.૫૦<br>૦.૮૭ |

ઉપરોક્ત વિગતવાળી ખેતીની જમીન ઉપરોક્ત ખાતેદારોની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની આવેલી છે. અને તેઓની પાસેથી ઉપરોક્ત વિગતવાળી ખેતીની જમીનનો કાયદેસર રીતે અવેજ ચુકવી ખાલી કબજા સાથે અમારા અસીલ દ્વારા ખરીદવા સમજુતી કરેલ છે. અને અમારા અસીલ તેઓની પાસેથી કાયદેસર રીતે સંપુર્ણ અવેજ ચુકવી ખાલી કબજા સાથે પાકો વેચાણ દસ્તાવેજ કરાવવા ઇચ્છતા હોય જેથી આ ખેતીની જમીન બાબતે જો કોઇનો કોઇપણ પ્રકારનો લાગ ભાગ, હક્ક, હિત, હિસ્સો, બક્ષીસ, ગીરો કે દરદાવો કે અન્ય કોઇપણ રીતે વાંધા તકરાર હોય અગર તો કોઇપણ જાતનું લ્હેણુ સમાયેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૮ (આઠ) માં લેખીતમાં આધારો સાથે અમારી ઓફીસના દર્શાવેલા સરનામે અમોને જાણ કરશો ઉપરોક્ત દર્શાવેલ સમય મુદત સુધીમાં કોઇને વાંધો કે લેખીત જાણ અમોને કરવામાં નહી આવે તો અમારા અસીલ એક શુધ્ધબુધ્ધિના ખરીદદાર તરીકે અવેજની પુર્ણ રકમ ચુકવી અમારા અસીલ જોગ પાકો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નોંધાવી લેશે અને મુદત વિત્યે કોઇપણનો વાંધો તકરાર, હિત, હિસ્સો ઉત્પન્ન થશે તો અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી જે આ નોટીસ આપી જાહેર જનતા અને લાગતા વળગતાને જાણ કરવામાં આવે છે.

સ્થળ : ધારી
તારીખ : ૦૯-૦૪-૨૦૨૪

અસીલની સુચનાથી
ભાવિકકુમાર વિ.ઉનાગર - એડવોકેટ મો.૯૦૯૯૬ ૦૯૦૯૦

પત્ર વ્યવહારનું સરનામું : ''આલોક એસોસીએટ'' આદર્શ કોમ્પલેક્ષ, દુકાન નં.જી-૭, લોહાણા મહાજન વાડી સામે, રેલ્વે સ્ટેશન રોડ, મુ.ધારી, જી.અમરેલી

---

**નાયબ કલેક્ટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૫૪/૨૦૨૪..............તા.૨૨-૦૩-૨૦૨૪

વિવાદી :- શ્રી ભુપતભાઈ કાળુભાઈ રાઠોડ રહે. પીપળવા, તા.લાઠી

પ્રતિવિવાદી :- તલાટીકમ મંત્રી પીપળવા ગ્રામ પંચાયત, તા.લાઠી

**જાહેર નોટીસ**

(મરણનાં દાખલા માટે)

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના મોજે પીપળવા ગામના રહીશ આ કામના અરજદારશ્રીના માતા વિજુબેન કાળુભાઈ રાઠોડનું મરણ તા.૭-૭-૧૯૯૩ ના રોજ મોજે પીપળવા, તા.લાઠી મુકામે મરણ થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય નોંધ કરાવવાની રહી ગયેલ હોય જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૩૧-૦૧-૨૪ થી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાએ મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈને કાંઈ વાંધો તકરાર કે હરકત હોય તો તેમણે જાતે અગર તો તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમા મુદત તા.૧૩-૦૫-૨૦૨૪ ના રોજ બપોરનાં ૧૫-૦૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થિત રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
લાઠી

---


**વેચવાનું છે**

સપ્તાહમાં આવતા પ્રસંગોનો સામાન વેચવાનો છે. શ્રી રામચરિત માનસ કથા અને ભાગવતજીની કથામાં આવતા પ્રસંગો બાળકોને તૈયાર કરી રજુ કરવામાં આવે છે જે માટેની વસ્તુઓ કપડા, કટલેરી, મુગટ, જટાઓ વિગેરે સર્વ સામાન વેચી નાખવાનો છે તો જરૂરતમંદ લોકોએ નીચેના નંબર પર સંપર્ક કરવો.

-:: સંપર્ક ::-

જાફરાબાદ : મો.૯૬૨૪૬ ૭૦૩૨૪







AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૧૦-૦૪-૨૦૨૪ બુધવાર

# રાહુલ :ગાંધી : ઝનૂન વગરનો સેનાપતિ યુદ્ધ કેમ જીતે..? પ્રશાંત કિશોરનું કહ્યું કોણ કરે?

લોકસભાની ચૂંટણીનો રંગ જામી રહ્યો છે ત્યારે રાજકીયવ્યૂહરચનાકાર અનેબિહારમાંજનસુરાજઅભિયાન ચલાવી રહેલા પ્રશાંત કિશોરે રાહુલ ગાંધીને બહુ મહત્ત્વની સલાહ આપી છે. પ્રશાંત કિશોરનું કહેવું છે કે, લોકસભાની આ ચૂંટણીમાં કોંગ્રેસ ધાર્યાપ્રમાણેનો સારો દેખાવ ના કરી શકે તો રાહુલે એક ડગલું પાછળ હટી જવું જોઈએ. મતલબ કે, કોંગ્રેસમાં બીજા લોકોને નેતૃત્વ કરવાની તક આપવી જોઈએ. પી.કે.નું કહેવું છે કે, રાહુલ ગાંધી છેલ્લા એક દાયકાથી કોંગ્રેસ પક્ષનું નેતૃત્વ કરી રહ્યા છે પણ ઈચ્છિત પરિણામ લાવવામાં સફળ રહ્યા નથી એ જોતાં તેમણે પાછા હટી જવાની જરૂર નથી.

પ્રશાંત કિશોરે રાહુલ ગાંધીને એક ડગલું પાછળ હટી જવાની સલાહ આપી તેનો અર્થ શો? પ્રશાંત કિશોરે એ પણ સ્પષ્ટ કરી દીધું છે. પ્રશાંત કિશોરની સલાહ છે કે, ૧૯૯૧માં રાજીવ ગાંધીની હત્યા પછી સોનિયા ગાંધીએ પોતાની જાતને સાવ સંકોરી લીધેલી ને રાજકારણથી અલિપ્ત થઈ ગયાં હતાં એ રીતે રાહુલે પણ રાજકારણથી સાવ અલિપ્ત થઈ જવું.

સોનિયા ગાંધી રાજીવ જીવતા હતા ત્યારે પણ રાજકારણથી અલિપ્ત જ હતાં. સોનિયા ગાંધી પોતે તો રાજકારણમાં આવવા નહોતાં માગતાં જ પણ રાજીવ ગાંધીને પણ રાજકારણમાં જવા દેવા નહોતાં માગતાં કે પોતાના પરિવારને પણ રાજકારણથી દૂર રાખવા માગતા હતા. આ કારણસર જ રાજીવની હત્યા પછી કોંગ્રેસીઓ તેમને હાથપગ જોડીને વિનવી આવેલા કે અમારા પર મહેરબાની કરો અને કોંગ્રેસનો કારભાર સંભાળો પણ સોનિયા મેડમે મચક નહોતી આપી. એ રાજકારણથી સાવ દૂર થઈ ગયાં અને તેના કારણે નરસિંહરાવને લોટરી લાગતાં વડા પ્રધાન થઈ ગયા.

પ્રશાંત કિશોરે રાહુલ ગાંધીને આ રીતે જ રાજકારણથી અલિપ્ત થઈ જવાની સલાહ આપી રહ્યા છે. રાહુલ ગાંધી કોંગ્રેસની તમામ બાબતોથી દૂર થઈ જાય અને કોઈ પણ બાબતમાં માથું જ ના મારે એવો છે. મતલબ કે, કોંગ્રેસીઓને જે કરવું હોય એ કરે, મારે કંઈ લેવાદેવા નથી એમ સમજીને રાહુલ પોતાનું કામ કરે. કોંગ્રેસે જે પણ નીતિવિષયક નિર્ણયો લેવા હોય એ પોતાની રીતે લે. પ્રશાંત કિશોરે તો એમ પણ કહ્યું છે કે, રાહુલને પોતાને બધી ખબર છે એવું લાગે છે. આ અભિગમ પણ તેમણે બદલવાની જરૂર છે, બાકી એ કદી સારા નેતા નહીં બની શકે.

પ્રશાંત કિશોરની સલાહ રસપ્રદ પણ છે અને સાવ પણ સાચી છે. રાહુલ સાવ નિષ્ફળ નેતા છે તેમાં બેમત નથી. રાહુલ ૨૦૦૪માં પહેલી વાર લોકસભાની ચૂંટણી લડ્યા અને ૨૦૧૪ પહેલાં તો સોનિયા ગાંધીના રાજકીય વારસ તરીકે તૈયાર થઈ ગયેલા તેથી એક દાયકાથી રાહુલ કોંગ્રેસના નેતૃત્વમાં કેન્દ્રસ્થાને છે જ. આ ગાળામાં કોંગ્રેસ સાવ પતી ગઈ છે તેમાં બેમત નથી.

કોંગ્રેસ ૨૦૧૪ની લોકસભા ચૂંટણી સત્તાવાર રીતે સોનિયા ગાંધીના નેતૃત્વમાં લડી હતી પણ પડદા પાછળના મુખ્ય ખેલાડી રાહુલ ગાંધી જ હતા. એ વખતે કોંગ્રેસને સાવ ૪૪ બેઠકો મળી હતી. કોંગ્રેસના ઈતિહાસમાં આટલી ઓછી બેઠકો કોઈ વખત નથી મળી ને આટલી બેઠકો તો પ્રાદેશિક પક્ષો લઈ આવે છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણી વખતે તો કોંગ્રેસના પ્રમુખ તરીકે સત્તાવાર રીતે રાહુલ ગાંધી હતા ને છતાં કશું ના વળ્યું. રાહુલના નેતૃત્વમાં કોંગ્રેસ સાવ ૫૪ બેઠકો પર આવીને લબડી ગઈ હતી. રાહુલના કાર્યકાળમાં કોંગ્રેસનું રાજ્યોમાં પણ જબરદસ્ત ધોવાણ થયું જ છે એ જોતાં રાહુલને નિષ્ફળ નેતા પણ ગણવા પડે.

રાહુલ નિષ્ફળ છે એ તો ઠીક પણ પક્ષને બેઠકો કરવા માટે જરૂરી ઝનૂન પણ તેમનામાં નથી. રાહુલમાં ચોવીસ કલાક કામ કરવાની તાકાત જ નથી. એ વચ્ચે વચ્ચે વેકેશન માણવાના બહાને રામ જાણે ક્યાં ગાયબ થઈ જાય છે. પક્ષ ચલાવવો હોય તો ચોટલી બાંધીને બેસવું પડે ને સતત હાજર રહેવું પડે પણ રાહુલમાં એ કેપેસિટી જ નથી. આ વાત છેલ્લી બે લોકસભા ચૂંટણીમાં અને દસ વરસમાં સાબિત થઈ જ છે એ જોતાં પ્રશાંત કિશોર રાહુલને નિષ્ફળ ગણાવે તેમાં કશું ખોટું નથી. હવે ૨૦૨૪ની ચૂંટણીમાં રાહુલ ગાંધીને ત્રીજી તક મળી રહી છે ત્યારે પણ એ કોંગ્રેસને ફરી બેઠી ના કરી શકે તો તેને કોંગ્રેસના નેતૃત્વમાં હિસ્સેદારીનો અધિકાર જ નથી. આ સંજોગોમાં પી.કે. કહે છે એ રીતે રાહુલે એક ડગલું પાછળ જતા રહીને કોંગ્રેસનું ભલું શેમાં છે એ વિચારવું જોઈએ. રાહુલ ખસે તો ભાજપ પણ કોંગ્રેસ પર વંશવાદનો સતત આક્ષેપ મૂકે છે તે મૂકતી બંધ થાય ને લોકોના માનસમાંથી કોંગ્રેસની નકારાત્મક છાપ હટે. એ રીતે પણ રાહુલનું હટી જવું કોંગ્રેસના ફાયદામાં છે.

પી.કે.ની સલાહ સાચી છે પણ સવાલ રાહુલ માને કે નહીં તેનો છે. રાહુલની માનસિકતા જોતાં એ આ વાત માને એ વાતમાં જરાય માલ નથી. સોનિયા ગાંધી રાજીવની હત્યા પછી હટી ગયાં કેમ કે એ પહેલેથી રાજકારણને નફરત કરતાં હતાં પણ રાહુલ તો રાજકારણમાં ગળાડૂબ છે. બીજું એ કે, રાહુલ રાજકારણમાંથી ખસે તેનો મતલબ એ થાય કે તેણે પોતાની નિષ્ફળતા સ્વીકારી લીધી. કોઈ પણ વ્યક્તિ પોતાની નિષ્ફળતા સ્વીકારી લે એ માટે તેનામાં બહુ નૈતિક તાકાત જોઈએ પણ રાહુલ ગાંધીમાં એ તાકાત જ નથી તેથી રાહુલ ના ખસે.

રાહુલ કમને તૈયાર થાય તો પણ કોંગ્રેસના તેમના ચમચા ખસવા દે તેમ નથી. રાહુલે ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં કશું ના ઉકાળ્યું એટલે તેમણે સામેથી રાજીનામું આપેલું. રાહુલે લીધેલો નિર્ણય બરાબર હતો. તેમના નેતૃત્વમાં કોંગ્રેસનું અચ્યુતમ કેશમ થઈ ગયું તેની નૈતિક જવાબદારી તેમણે સ્વીકારીને રાજીનામું ધરી દીધું. કોંગ્રેસીઓના મનાવ્યા છતાં એ ના માન્યા પછી કોંગ્રેસીઓએ આગળ વધી જવાની જરૂર હતી પણ કોંગ્રેસીઓમાં ખાનદાનની ગુલામી એ હદે ઘર કરી ગઈ છે કે, એ લોકો આગળ વધવાના બદલે પાછા વળ્યા. ફરીને નહેરુ-ગાંધી ખાનદાનના શરણે જ ગયા ને બે વરસ પહેલાં પ્રમુખપદ છોડી ચૂકેલાં સોનિયાને પ્રમુખ બનાવી દીધાં હતાં. રાહુલના કિસ્સામાં પણ એવું જ થાય. કરોડરજ્જુ વિનાના કોંગ્રેસીઓ રાહુલને ગમે ત્યાંથી ગોતીને પણ આગળ કરી જ દે કેમ કે રાહુલમાં તેમને નિષ્ફળતા થોપવા માટે બલિનો બકરો મળી ગયો છે.

### પહેલા પાનાનું
### કાર્યકરોને માર્ગદર્શન

સીટ ના સંયોજક શ્રી પુનાભાઈ ગજેરા, પૂર્વ ધારાસભ્યો, પૂર્વ જીલ્લા ભાજપ પ્રમુખ શ્રી ઓ ભાજપ પ્રદેશ મોરચા ના હોદેદાર શ્રી ઓ ,જીલ્લા ભાજપ ના હોદેદાર શ્રી ઓ, જીલ્લા મોરચા, મંડળના હોદેદારો, શક્તિ કેન્દ્ર ના સંયોજકો અને પ્રભારીઓ, જીલ્લાના તમામ બુથ પ્રમુખો, જીલ્લા, તાલુકા પંચાયત, પાલિકાના સભ્યો, સહકારી આગેવાનો ઉપસ્થિત રહેશે.

### પહેલા પાનાનું
### મહારથીઓ લડશે

સામે ઉભા રહેશે તેવો સંકેત આપ્યો છે. પોતાની આગવી ભાષામાં ઈતિહાસનાં ઓઠા આપી શ્રી ધાનાણીએ પત્રકારોને જણાવ્યું હતું કે, શ્રી રૂપાલાની ટીકીટ રદ નહી થાય તો પોતે ચુંટણી લડશે. એ સુવિદીત છે કે ભાજપે ખખડીને શ્રી રૂપાલાને લડાવવાની જાહેરાત કરીદીધેલ છે અને તે ભાજપનાં ઉમેદવાર તરીકે નિશ્ચિત છે.

## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા. ૧૦.૪.૨૦૨૪ બુધવાર ,સંવંત ૨૦૮૦ ચૈત્ર સુદ બીજ, ભરણી નક્ષત્ર, વિષ્કુમ્ભ યોગ, બાલવ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ મેષ (અ,લ,ઈ) રહેશે.

## જાહેરજીવનના પ્રતિષ્ઠિત વ્યક્તિઓ આત્માના અવાજ પર કામ કરતા જોવા મળે

આજથી ગોચર ગ્રહોમાં સૂર્ય આત્મકારક બને છે જે આત્માના અવાજ પર વધુભાર આપે છે અને જાહેરજીવનના પ્રતિષ્ઠિત વ્યક્તિઓ આત્માના અવાજ પર કામ કરતા જોવા મળશે. સૂર્ય આત્મબળ આપનાર છે અને જયારે આત્મકારક બને છે ત્યારે પ્રલોભનને સાઈડમાં મૂકીને આત્માનો અવાજ સાંભળતા જોવા મળે છે અને તેમના પગલામાં એક આત્મવિશ્વાસ જોવા મળે છે! ગોચર ગ્રહોની અસર તળે ઘણા ઘટનાક્રમ એક સાથે સામે આવતા જોવા મળે છે.હાલ સોના ચાંદી અને શેરબજારમાં ખુબ તેજી જોઈ રહ્યા છીએ હવે બુધ મહારાજ વક્રી ચાલે ફરી મીનમાં આવે છે તે સોના ચાંદી અને શેરબજાર ને અસરકર્તા બનશે તો આજે ચૈત્રી નવરાત્રનું આજે બીજું નોરતું છે બીજા નોરતે માં બ્રહ્મચારિણીની સાધના થાય છે.માતા



બ્રહ્મચારિણી વિદ્યા, જ્ઞાન, તપસ્યા અને વૈરાગ્યની દેવી છે. માતા બ્રહ્મચારિણીને દેવી પાર્વતીના અવિવાહિત રૂપમાં પૂજવામાં આવે છે. તે સફેદ વસ્ત્ર ધારણ કરે છે. તેમના હાથમાં એક રૂદ્રાક્ષ માળા અને કમંડળ હોયછે. રૂદ્રાક્ષની માળા શિવજીને પામવા તેમની તપસ્યા દર્શાવે છે અને માતા સદાચારી જીવનનું ઉદાહરણ પૂરું પડે છે. જે બહેનો યોગ્ય જીવનસાથી શોધતા હોય છે તેમને માતા બ્રહ્મચારિણીની પૂજા કરવી જોઈએ. જીવનમાં સંયમને આગવું સ્થાન આપતા તપસ્વીઓ માતા બ્રહ્મચારિણીની સાધના કરે છે. રહસ્યમય દેવી સાધનાઓમાં માં બ્રહ્મચારિણી જીવનમાં શીલનું રહસ્ય સમજાવે છે તથા ગોપનીયમાં ગોપનીય શાસ્ત્રો સુધી પહોંચવા ઈન્દ્રિયના સંયમ સાથે તપસ્યા અને સાધના જરૂરી છે તે દર્શાવે છે. ચૈત્રી નવરાત્રી માતા સુધી સાધના માર્ગે પહોંચવાનો રસ્તો સુઝાડે છે!

મેષ (અ,લ,ઈ) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય,આગળ વધવાની તક મળે,કેટલીક સુંદર પ્રતિભા તમે કેળવી શકો.
વૃષભ (બ,વ,ઉ) : આવક જાવક નો હિસાબ રાખવો પડે,ખર્ચ પર અંકુશ રાખવો,થોડું ગણતરીપૂર્વક ચાલવું પડશે.
મિથુન (ક,છ,ઘ) : સગા સ્નેહી મિત્રોથી સારું રહે,યાર દોસ્તની સહાય મળી રહે, કાર્ય પૂર્ણ થાય, પ્રગતિકારક દીવસ રહે.
કર્ક (ડ,હ) : નોકરિયાતવર્ગ ને સારું રહે,સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક,વેપારીવર્ગને થોડી ઉઠાપટક રહેવા સંભવ છે.
સિંહ (મ,ટ) : ભાગ્યની દેવી રીઝતી જણાય,નવીન તક હાથ માં આવે,યોગ્ય સમયે યોગ્ય નિર્ણય કરવો જરૂરી બને છે .
કન્યા (પ,ઠ,ણ) : માનસિક વ્યગ્રતા જણાય,મન નું ધાર્યું ના થાય,દિવસ દરમિયાન મૂડ બદલાય કરે, સાંજ ખુશનુમા વીતે.
તુલા (ર,ત) : જાહેરજીવનમાં સારું રહે,યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો, તમારા અભિપ્રાયની ગણના થાય .
વૃશ્ચિક (ન,ય) : તબિયતની કાળજી લેવી,જીવનમાં નિયમિતતાની જરૂર છે, ખાવાપીવામાં કાળજી લેવી પડે .
ધન (ધ,ભ,ફ,ઢ): પ્રણયમાર્ગે આગળ વધી શકો,પ્રિયપાત્ર થી મુલાકાત થાય,મનની વાત વ્યક્તિ કરી શકો.
મકર (ખ,જ) : તમામ ભૌતિક સુખ સગવડ પ્રાપ્ત થાય,વિચારોમાં હકારાત્મકતા આવે , દિવસ આનંદ માં વીતે.
કુંભ (ગ,સ,શ ) : નવા કાર્યમાં આગળ વધી શકો,મિત્રોની મદદ મળી રહે, નવી પદ્ધતિથી કાર્ય કરી શકો .
મીન (દ,ચ,ઝ,થ): તમે કરેલા કાર્યના સારા પરિણામ મેળવી શકો,દિવસ શુભ રહે,ભૂતકાળમાં થી પાઠ લેવો જરૂરી બને છે.

### આગામી લોકસભાની ચૂંટણીમાં અસામાજિક પ્રવૃતિ રોકવા પોલીસની કાર્યવાહી

# અમરેલી જિલ્લામાં ૫ વાહન ચાલકો સહિત ૨૫ શખ્સોને નશો કરેલી હાલતમાં ઝડપી લીધા

## જિલ્લામાં જુદા જુદા ૧૨ સ્થળોએ દેશી દારૂના દરોડા પાડી ૪ મહિલા સહિત ૧૧ મુદામાલ સાથે ઝડપાયા

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)
અમરેલી જિલ્લામાં આગામી લોકસભાની ચૂંટણીમાં કોઈ અનિછનીય બનાવ ન બને તે માટે અસામાજિક પ્રવૃતિઓને ડામવા પોલીસ અધિક્ષક હિંમકરસિંહના માર્ગદર્શન હેઠળ પોલીસ દ્વારા અવિરતપણે કાર્યવાહી આરંભી છે. અમરેલી જિલ્લામાં અમરેલી, અમરેલી રૂરલ, નાગેશ્રી, મરીન પીપાવાવ, ખાંભા, દામનગર, ચલાલા, જાફરાબાદ, સાવરકુંડલા, ધારી, લાઠી સહિત જુદાજુદા સ્થળોએ પોલીસ પાંચ વાહન ચાલકો સહિત ૨૫ શખ્સોને ઢીંગલી થયેલ હાલતમાં ઝડપી લઈ જેલની ખવડાવી સરભરા કરી હતી. જયારે જિલ્લામાં જુદા જુદા ૧૨ સ્થળોએ દેશી દારૂના દરોડાઓ પાડી ૪ મહિલાઓ સહિત ૧૧ને ઝડપી પાડયા હતાં. જેમાં દામનગર, બગસરા, ધારી, અમરેલી, બાબરા, લીલીયા, વંડા, સાવરકુંડલા રૂરલ, રાજુલા, અમરેલી રૂરલ, મરીન પીપાવાવ પોલીસે કાર્યવાહી કરી હતી.

### વિજકનેકશન માટે થાંભલો નહી નાખવા અંગે બોલાચાલી કરી

## બાબરાના કરીયાણામાં યુવાન ઉપર હુમલો

### બે શખ્સોએ પથ્થર અને છરી વડે પતિ પત્નિને ઈજા કર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)
બાબરા તાલુકાના કરીયાણા ગામે રહેતા કિશોરભાઈ વલ્લભભાઈ મેટાળીયા ઉ.વ. ૩૭ એ ઘરે વિજ કનેકશન લેવા માટે પીજીવીસીએલમાં અરજી કરેલ હોય. અને મજુર ગામમાં ઈલેકટ્રીક પોલ નાખવા આવેલ હોય ત્યારે મહેશ વિનુભાઈ , ભાવેશ વિનુભાઈ ગાંભડીયાએ થાંભલો નહી નાખવા અંગે કિશોરભાઈ સાથે બોલાચાલી કરી ગાળો બોલી છુટા પથ્થરના ઘા મારી છરી લઈ મારવા દોડી ધમકી આપી મારમારી માથામાં ચાર ટાંકા લાવી શરીરે મુંઢ ઈજાઓ કરી પત્નિને ડાબા હાથની કોણીના ભાગે તથા શરીરે મારમારી ઈજા કર્યાની બાબરા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## કડીયાળી ગામે પત્નિના કરીયાવરને જેઠે રૂપિયા ૪૫ હજારનું નુકશાન કર્યુ

